जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 6 • Pages : 8 MUMBAI • 1st June - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# જાણી રાખવા જેવી અગત્યની વાતો

(નીચે લખવામાં આવેલી હકીકતો તદ્દન સાચી છે, પરંતુ આપણા દેશના આગેવાન ધર્મગુરુઓ વગેરે તથા મોટા લોકો તથા દેશનેતાઓ અને લોકશાહીમાં રસ લેતા જુદા જુદા પક્ષોના આગેવાનોના ખ્યાલમાં પણ આ બાબતો નથી. જો તેઓ મહેનત લઈ શાંતિપૂર્વક વસ્તુસ્થિતિનો ઊંડો અભ્યાસ કરે તો સહેલાઈથી સમજી શકાય તેમ છે.)

૧. ભારતભૂમિમાં નવસર્જન ચાલી રહ્યું છે.

૨. પ્રજાના જીવનમાં નવસર્જન ચાલી રહ્યું છે.

૩. નવસર્જનનો દરેક આદર્શ, કાર્યક્રમ, યોજનાઓ વગેરે જગતભરને પાશ્ચાત્ય શ્વેત પ્રજા પાસેથી લેવાનાં હોય છે.

૪. તેના નેતાપણા નીચે આખા જગતમાં નવસર્જન ચાલી રહ્યું છે.

૫. વિશ્વમાં અશાંતિ તેમણે જ ઊભી કરી છે, વિશ્વમાં ફરીથી શાંતિ સ્થાપવાના પ્રયત્નો પણ તેના જ આગેવાનો તરફથી થાય છે.

૬. નવસર્જન માનવજીવનના દરેકેદરેક અંશમાં ચલાવાઈ રહ્યું છે.

૭. તે દરેકેદરેક બાબતનું છેવટનું નેતાપણું અને સર્વ પ્રકારનો અંકુશ એ પ્રજાના હાથમાં છે.

૮. નવસર્જનનો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે આખા જગતમાં છેવટે પાશ્ચાત્ય શ્વેત પ્રજાનાં સંતાનોરૂપે શ્વેત પ્રજા જ સર્વ સુખ સામગ્રીપૂર્વક પૂર્ણ સ્વતંત્રતાથી રહી શકે, રહેતી હોય.

૯. એટલા માટે તે પહેલાં જગતમાં **બહુમતના આધાર ઉપર.**

(૧) એક જ ધર્મ (૨) એક જ ભાષા (૩) એક જ વેષ (૪) એક જ આરાધ્ય ઇષ્ટ દેવ (૫) એક જ મુખ્ય બૅન્ક (૬) એક જ મુખ્ય કોર્ટ (૭) એક જ મુખ્ય લશ્કર (૮) એક જ સમાજવ્યવસ્થા (૯) એક જ મુખ્ય ધર્મગુરુ (૧૦) એક જ ધર્મશાસ્ત્ર (૧૧) એક જ રંગના માનવો (૧૨) એક જ ચિકિત્સા પદ્ધતિ (૧૩) એક જ પ્રકારનું શિક્ષણ (૧૪) એક જ શિક્ષણનો આદર્શ (૧૫) વિશ્વભરના એક જ મુખ્ય નેતા, માલિક - પોપ અને તેની આજ્ઞા. (૧૬) સ્ત્રી-પુરુષોના એક એક પ્રકારના જ વેષ. (૧૭) એક જ પ્રકારનાં ખાનપાનો અને તેની બનાવટો. (૧૮) એક સામ્રાજ્ય. (૧૯) એક વિશ્વરાજ્ય સમ્રાટ. (૨૦) એક વિશ્વધર્મ સમ્રાટ. (૨૧) એક જ વિશ્વબૅન્ક. (૨૨) લોકોની મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ એક જ ઢબે ચાલે. (૨૩) એક જ રીતે વિચાર કરી શકાય. (૨૪) એક જ રીતે બોલી શકાય. (૨૫) એક જ આદર્શ અને દિશાના વિચાર કરી શકાય. ઇત્યાદિ - ઇત્યાદિ

૧૦. **આજની એકતાની હિલચાલનો આવો આદર્શ છે, ઉદ્દેશ છે.** તે માટે;

૧૧. એકતા દિન, એકતા જ્યોતિ, એકતા પરિષદ, એકતા પ્રતિજ્ઞા, ઉપર જણાવેલી સર્વ બાબતોમાં એકતા, એકતા, બહુમતની એકતા, વિગેરે હીલચાલો છે.

૧૨. એટલે કે ઉપર જણાવેલી અને બીજી ઘણી એવી તમામ બાબતોમાં જગતની દરેક પ્રજાઓને નવસર્જનના કાર્યક્રમ મારફત લઘુમતમાં રાખતા જઈ, લઘુમતીઓને બહુમતીમાં સમાવી લેવાની 'એક વિશ્વ' સૈદ્ધાંતિક યોજનાઓ વિશ્વભરમાં ગોઠવી રાખવામાં આવી છે, જે ક્રમસર આગળ વધી રહી છે.

૧૩. જગતભરની દરેકેદરેક અશ્વેત પ્રજાઓમાં નવસર્જનને નામે જીવનના દરેક અંગમાં પરિવર્તન કરાવતા રહી, ઉપર જણાવેલી હર તરેહની એક મહાએકતા કરવા તરફ દરેકને દોરવણી અપાઈ રહી છે.

૧૪. આથી માનવથી જઈ શકાય તેવો જગતનો કોઈ પણ ખૂણો, ભાગ, કે સમુદ્રો વગેરે, જળાશયો, પહાડો, નદીઓ, ખીણો, ખાણો, પ્રાપ્ત કરવા શક્ય ખનીજો, માનવગમ્ય આકાશ - અવકાશ વગેરે કોઈ પણ પદાર્થરૂપ, ક્ષેત્રરૂપ, કાળરૂપ અને મનોભાવરૂપ કાંઈ પણ બાકી નથી, કે જેમાં નવસર્જન કરવાના નવા કાર્યક્રમની અસર ન પડી હોય, ન પડવાની હોય.

૧૫. તે અસર ક્યાંક સીધી હોય છે, ક્યાંક આડકતરી હોય છે, ક્યાંક કોઈ બાબતમાં બીજરૂપે હોય છે, ક્યાંક થડ, ક્યાંક ડાળાં, પાંદડાં, ફૂલ કે અધૂરા કે પૂરા ફળરૂપે પણ હોય છે.

૧૬. આ દરેક પ્રકારની એકતાના પરિણામ સુધી પહોંચવા માટે સીધી રીતે તદનુકૂળ પરિવર્તન શક્ય ન હોય ત્યાં સુધી દરેક બાબતોમાં તે તરફ ખેંચી જનારા માધ્યમ ગોઠવવામાં આવેલાં હોય છે.

૧૭. આ દરેક બાબતોમાં પરિવર્તનોનું મુખ્ય કેન્દ્ર ભારતભૂમિ છે, અને ખાસ કરીને પ્રાચીન કાળથી તેમાં વસતી ભારતીય આર્ય (હિંદુ) મહાપ્રજા છે.

૧૮. કેમ કે તે એક વખતની આખા જગતનું ભલું કરવાની નિઃસ્વાર્થભાવે ભાવના રાખતી આવી છે. ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની આધ્યાત્મિક પાયા ઉપરની જીવનસંસ્કૃતિના જીવનમાં, આદર્શોમાં તે એકનું જ નેતૃત્વ પહેલેથી રહેતું આવેલું છે.

૧૯. અને દુનિયાભરના દેશોની તમામ પ્રજાઓ એક યા બીજી રીતે તેને અનુસરતી આવેલી છે.

૨૦. દા.ત. (૧) આખી દુનિયાની એક જ ભાષા કરવા માટે સેંકડો ભાષા ધરાવતા ભારતના સર્વ ભાષા ભાષી લોકોને હિંદીના માધ્યમ ઉપર કેન્દ્રિત કરવાના પ્રયત્નો સો વર્ષ ઉપરાંતથી શરૂ થયા છે.

(૨) એક પોપની જ વિશ્વ આજ્ઞા ઉપર જગતને અને ભારતની પ્રજાને લઈ જવા માટે તેના માન્ય પ્રાચીન પૂજ્ય પુરુષોની આજ્ઞાઓથી ભારતીય આર્ય હિંદુ પ્રજા, તથા બીજી પ્રજાઓને છૂટા પાડવા માટે **લોકશાસન**નું માધ્યમ મૂકવામાં આવેલું છે.

(૩) એક મહાવિશ્વ સામ્રાજ્યના સર્જન માટે તમામ પ્રકારની રાજ્યવ્યવસ્થાઓ વિલુપ્ત કરી તેને યુનોના માધ્યમમાં કેન્દ્રિત કરવામાં આવે છે.

(૪) તમામ દેશોના ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય કાયદાઓ અને તેના ચુકાદાને એક જ સુપ્રીમ કોર્ટના કેન્દ્રોરૂપ માધ્યમોમાં લાવી મૂકવા, અને તમામ દેશોની સુપ્રીમ કોર્ટોરૂપ માધ્યમોને આખરે એક જ વિશ્વઅદાલત વિશ્વકોર્ટમાં કેન્દ્રિત કરવા બીજી તમામ ન્યાયપદ્ધતિ, ન્યાયપ્રેરક બળો રદ કરવા - કરાવવા.

(૫) એ જ પ્રમાણે -

તમામ દેશો અને પ્રજાઓના પ્રથમના આર્થિક તંત્રો, શરાફી, ધંધાદારી આર્થિક પ્રવાહો રદ કરાવી બૅન્કોમાં કેન્દ્રિત કરવાની ગોઠવણ મોટે ભાગે સંપૂર્ણ થવા આવી છે. તમામ બૅન્કોનું માધ્યમ રિઝર્વ બૅન્કો હોય છે, અને તે મારફત એક જ વિશ્વબૅન્કની સરળ કામગીરી ચાલુ થઈ ગઈ છે, વગેરે વગેરે.

૨૧. ભારતનો આદર્શ એકતાને બદલે **એકસંપી** છે, આજની પાશ્ચાત્ય શ્વેત પ્રજાના નવસર્જનનો આદર્શ **એકતા** છે.

૨૨. એકસંપીમાં સર્વ બાબતોમાં સર્વને પોતપોતાની રીતે જીવવાનો અધિકાર રહે છે, અને સમાન રીતે જીવવાનો અધિકાર રહે છે, અને સમાન હિતોની બાબતોમાં પરસ્પરની એકસંપી રહે છે. તે એકસંપી બે ભાઈથી માંડીને ઠેઠ તમામ ટોચની બાબતો અને સમૂહો વચ્ચે એકસંપી રહી શકે છે. **એટલે કે વિવિધતામાં એકતા પરોવાઈ રહે છે, ત્યારે નવસર્જનમાં એકતા ખાતર વિવિધતાઓ નષ્ટ કરવામાં આવે છે.**

૨૩. પ્રાચીન કાળમાં સંસ્કૃતિના જન્મમાં દરેક બાબતમાં એકતા હતી, પરંતુ કાળક્રમે સહજ સહજ અનેકતા થતી ગઈ છે, જે કુદરતી બની રહી છે.

૨૪. ત્યારે આજે ફરીથી એક જ પ્રજાના સ્વાર્થી પ્રયત્નોથી બનાવાતી કૃત્રિમ એકતામાં -વિશ્વશાંતિમાં મહાહિંસા, મહાઅશાંતિ, મહાસ્વાર્થીપણું, યુક્તિપૂર્વકનો માનવ - માનવેતર પ્રાણી ગણનો મહાસંહાર વગેરે ગોઠવાયેલા છે. **ગૂઢ હિંસાના પાયા ઉપર એકતાનો મિનારો ચણાય છે.**

૨૫. આ પ્રક્રિયાને વેગ મળવામાં ભારત અને તેની પ્રજાના જીવનમાં વણાયેલી સાંસ્કૃતિક જીવનપદ્ધતિ મોટામાં મોટી વિઘ્નરૂપ છે, જે નવસર્જનના નામે હઠાવવામાં આવે છે, અને એકતા તરફ દરેક પ્રવાહોને દોરવી જવામાં આવે છે. ભારતના તમામ બળોને ખ્રિસ્તી ધર્મગુરુ મિ.હ્યુમની સ્થપાવેલી કૉંગ્રેસ અને તેના ગૂઢ કે જાહેર થતા જતા એક જ જાતના આદર્શો તરફ સર્વ ભારતવાસીઓને દોરવી જવામાં આવે છે.

૨૬. એ દોરવણી આપવાના સમગ્ર કાર્યક્રમને અમલમાં લાવવા માટે લોકશાસન પદ્ધતિના માધ્યમથી પોષણ આપવામાં આવતા રાષ્ટ્રવાદ, સમાજવાદ, સામ્યવાદ, સર્વોદયવાદ તથા તેના અનુસંધાનમાં નાનામોટા બહારથી આવેલા દરેક વાદો પૂર્વ પૂર્વવાદના સબળ વિરોધીવાદો તરીકે પ્રચારમાં મૂકાઈ, ધીમે ધીમે એક એક કેન્દ્રમાં સ્થાન જમાવી, નવસર્જનને આગળ ને આગળ ધપાવતા હોય છે. તે માટે જ તેને જન્માવવામાં આવેલા છે.

૨૭. જે ક્રમેક્રમે સાંસ્કૃતિક વ્યવસ્થા માત્રને કાળક્રમે તોડવાનું જ કામ કરી રહ્યા હોય છે, કરે છે, અને કરશે.

૨૮. સામ્યવાદ અને રાષ્ટ્રવાદ ભલે લડતા હોય, પરંતુ રાષ્ટ્રવાદ સંસ્કૃતિના અમુક તત્ત્વો તોડીને આગળ વધતો હોય છે. તેની સામે સામ્યવાદ આગળ આવીને સબળ વિરોધી પક્ષ તરીકે **સન્માન પામીને** કેન્દ્રમાં સ્થાન જમાવે, ત્યારે તે પણ સંસ્કૃતિના અમુક અમુક સ્થાયી તત્ત્વો નવસર્જનને નામે સ્થાન પામીને **તોડી નાખતો રહે.** પછી તેના વિરોધ પક્ષ તરીકે અમેરિકા તરફથી જગતમાં બહાર આવેલો સર્વોદયવાદ વિરોધ પક્ષ તરીકે લોકશાહીને આગળ ધપાવવા સાથે બાકી રહેલા સંસ્કૃતિના તત્ત્વોને તોડતો જાય. આ રીતે લોકશાહીવાદો સાંસ્કૃતિક સર્વ બળોને તોડવામાં ઉપયોગી થાય છે. તે માટે જુદા જુદા દેશો મારફત શ્વેત પ્રજાઓ તેને જન્માવરાવી, જુદી જુદી દિશામાંથી, અને જુદે જુદે વખતે, નવયુવકોને દોરવણી આપવા માટે બહાર મુકતા ગયા છે. અને તે સર્વને સંસ્કૃતિ નાશ, અને ઉપર જણાવેલી એકતાઓના સર્જન તરફ માનવજાતને દોરવવામાં ઉપયોગી બનાવવામાં આવે છે.

૨૯. તે દરેક વાદોનું સર્જન એક જ આદર્શની સફળતા માટે જુદા જુદા દેશો મારફત કરવામાં આવેલું છે, અને **સૌ પરસ્પરના** સબળ વિરોધ પક્ષ તરીકે કામગીરી આપીને સંસ્કૃતિને તોડવાનું અને એકતા તરફ દોરવી જવાનું કામ કરે છે. અને તે દરેક પક્ષોને લોકશાહી તંત્રમાં પૂરતું સ્થાન છે.

૩૦. **ત્યારે** સંસ્કૃતિ પક્ષ જ ઊભો થવા દીધો નથી. તેનું અસ્તિત્વ જ છે કે નહીં? અંકુર પણ નવપ્રજાના માનસમાં ફૂટવા પણ દેવામાં આવતો નથી. છતા સંસ્કૃતિ શબ્દનો વ્યવહાર પ્રચારમાં રાખી તેનો અર્થ ગાન, તાલ, વાદ્ય, નૃત્ય, સંગીત, નાટ્ય, મનોરંજન વગેરે તરફ દોરવી જવામાં આવ્યો છે. જેથી સંસ્કૃતિ શબ્દ જ જુદા જ અર્થમાં ગાજતો રહે, અને જુદા જ આદર્શ તરફ વિશ્વની જનતાને દોરવી જાય. તથા મૂળભૂત સંસ્કૃતિને અશ્વેત પ્રજાઓમાંથી નષ્ટ કર્યે જાય, પાશ્ચાત્ય શ્વેત પ્રજામાં વિકસાવ્યે જાય. જેથી તે એક જ વિશ્વશ્રેષ્ઠ પ્રજા બની જગતમાં કાયમ રહે. એ તરફ દરેક વાદોના પ્રવાહો

દોડી રહ્યા છે. સાંસ્કૃતિક વાદ કે પક્ષને ધારાસભાઓમાં સ્થાન નથી.

૩૧. એટલા માટે નવસર્જનના શિક્ષણથી શિક્ષિત કરેલા વર્ગનું તે જાતનું માનસ ઘડીને તેને જાહેરના વહીવટમાં સંચાલક તરીકે મૂકવામાં આવેલ છે, જેને આજના નવસર્જનના ધ્યેય અને હેતુની સમજ કે ખ્યાલ નથી. તથા સંસ્કૃતિનો નાશ કેવી રીતે અશ્વેત પ્રજાઓનો વિનાશ નોતરી રહેલ છે તેનો પણ ખ્યાલ નથી, કેમ કે તેઓના જન્મ પહેલાંથી જીવનમાંથી સંસ્કૃતિના વિનાશના કાર્યક્રમો શરૂ થઈ ગયેલા છે.

૩૨. આ સર્વનો સાર અને કેન્દ્રીકરણ નીચેના પૅરેગ્રાફમાંથી સમજી શકાય તેમ છે. **આધુનિક વિશ્વમાં વૅટિકન પ્રણાલિકાઓ** વિષે બોલતાં - કાર્ડિનલ વેલેરિયન ગ્રેસિયસે જણાવ્યું કે, ''**ખ્રિસ્તી ધર્મમાં માનનાર, કે નહીં માનનાર, વિશ્વના દરેક માણસો**, ઈશ્વરીય સંસ્થા તરીકે નહીં, તો **ઐતિહાસિક સંસ્થા તરીકે, ચર્ચ સંસ્થામાં રસ ધરાવે છે.**''

૩૩. આમાંના નીચે લીટી કરેલા દરેક શબ્દો ઘણું જ મહત્ત્વ ધરાવે છે.

**આધુનિક વિશ્વ :** નવસર્જનની શરૂઆત કરનાર પ્રક્રિયાનો પ્રારંભ ૧૪૯૨થી થયો છે, તેથી તેને આધુનિક વિશ્વ કહેવામાં આવે છે.

**વૅટિકન પ્રણાલિકાઓ :** વૅટિકન - યુરોપમાંના ઇટાલીમાં - પોપની રાજધાનીનું શહેર છે, જેને આધુનિક વિશ્વમાં **સ્વતંત્ર અને સર્વોપરી** અધિકારો છે, જે બીજા કોઈને નથી. તેમાં પોપ રહે છે, અને નવસર્જનના તમામ મિશનોની પ્રવૃત્તિ જ્યાં ઘડાય છે અને જ્યાંથી પ્રચાર પામે છે.

**ખ્રિસ્તી ધર્મમાં માનનાર તથા નહીં માનનાર :** અર્થાત્ તમામ માનવજાતમાં ખ્રિસ્તી ધર્મની પ્રણાલિકાઓ એટલે તેના આદર્શો, ઉદ્દેશો, અને કાર્યપદ્ધતિઓ તથા પ્રવૃત્તિઓના પ્રવાહો ખ્રિસ્તી - બિનખ્રિસ્તી દરેક માનવોમાં ઓછે-વધતે અંશે કામ કરી રહ્યા છે.

**વિશ્વના દરેક માણસો :** આ શબ્દો ખાસ ધ્યાન દેવા જેવા છે. અર્થાત્ વૅટિકન પ્રણાલિકાના આદર્શોની જાળમાંથી વિશ્વનો એક પણ માણસ બાકાત નથી, બાકાત રહી શકે તેમ નથી. આ તેનો મુખ્ય ભાવાર્થ છે. દરેક માનવ તેની મર્યાદામાં આવી ગયેલ છે, અને તેનું સંચાલન ચર્ચ સંસ્થા કરતી આવી છે. તેમાંથી કોઈ બાકાત નથી. એ રીતે પણ સૌ ચર્ચ સંસ્થામાં રસ ધરાવે છે; ઈશ્વરીય સંસ્થા તરીકે નહીં, તો ઐતિહાસિક સંસ્થા તરીકે. વેટિકન ચર્ચ એટલે માત્ર ખ્રિસ્તી દેવળ નહીં, પણ તેના ઉદ્દેશો બર લાવનાર વિશ્વમાં હિલચાલ કરનારી વૅટિકન કેન્દ્રની મુખ્ય સંસ્થા તે ચર્ચ સંસ્થા. તેના ૫૫ બિશપો જગતભરમાં ફરી વળેલા છે. તે મારફત નવસર્જનનું દરેક કામ ચાલે છે.

**ઈશ્વરીય સંસ્થા તરીકે :** એટલે એ ચર્ચ સંસ્થા ઈશ્વર તરફથી પ્રેરિત છે. તેનું કેન્દ્ર છે ઈશ્વરનું સામ્રાજ્ય, એટલે ઈસુનું સામ્રાજ્ય અને તેની સંસ્થા. તથા ઈશ્વરને જગતકર્તા ન માનનાર બૌદ્ધ ધર્મને દબાવી દેવા માટે **ઈશ્વર કર્તૃત્વ માનનાર** ધર્મોને પક્ષમાં લઈ તેને બહુમતવાદમાં દબાવી દેવાનો મુદ્દો મુખ્ય બનાવવામાં આવેલ છે. જૈન, પારસી, શીખ, શિંતો, તાઓ, કોન્ફ્યુશસ વગેરે ધર્મોને લઘુમતીમાં ગણી લઈ, તેને બહુમતીમાં સમાવી લઈ, પાંચ વર્ષથી તેને સર્વ ધર્મમાં ગણવાનું બંધ કરેલ છે. એટલે કે ખાસ ધર્મ તરીકેનો સ્વીકાર કરવાનું પણ બંધ કરવામાં આવેલ છે. જૈન ધર્મ જેવા વિશ્વકલ્યાણકર ધર્મને તો ધર્મ તરીકે **પણ ન રાખતાં** હિંદુ મહાપ્રજાના એક સમાજ તરીકે ગણી લઈ, તેના સમગ્ર બળો, પ્રતીકો અને ભાવનાઓ તથા જીવનમાંના આચારોને અવ્યવહારુ તથા લઘુમતી માનીને ક્યારનાએ અદૃશ્ય કરવાનાં ચક્રો ગતિમાન છે. જેને તેના નવયુવકો, નવી સંસ્થાઓ વગેરે વેગ આપી રહ્યા છે, અને જૈન શાસન, જૈન સંઘ, જૈન ધર્મ, જૈન શાસ્ત્રો અને જૈન ધાર્મિક મિલકતોને તિરોહિત કરી રહેલ છે.

**ચર્ચ સંસ્થા :** આમાં પ્રથમ માત્ર **'સંસ્થા'** શબ્દનો પ્રયોગ થયો છે. પછી **ચર્ચ સંસ્થા** એવો શબ્દ પ્રયોગ થયો છે. તે એક વિશ્વસંસ્થા છે તે ખ્યાલ ન આવવા દેવા સંસ્થા અને ચર્ચ એ બન્નેય શબ્દોને સકારણ છૂટા પાડવામાં આવ્યા છે.

**ઐતિહાસિક સંસ્થા તરીકે :** એટલે ૧૪૯૨થી તેનો ઇતિહાસ શરૂ થયો છે, જે કેટલાય અવતરણો ઉપરથી સમજાશે. અર્થાત્ વિશ્વભરનો નવો ઇતિહાસ, સાહિત્ય, વિશ્વ મુસાફરો, તેમની ભ્રમણવૃત્તિ વગેરે, નવીન આકારમાં ત્યારથી શરૂ થયેલ છે. પાઠ્યપુસ્તકો, શિક્ષણ વગેરે ત્યારથી નવીન રીતે ગોઠવાતાં ગયેલ છે.

૩૪. એટલે જ ૧૪૯૨ પહેલાંનો ખ્રિસ્તી ધર્મ અને તેનું સંચાલન જુદા પાયા ઉપર હતા, અને ત્યાર બાદ તેને નામે દુન્યવી સ્વાર્થના પાયા ઉપર શરૂ કરાયેલ નવરચનામાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૩૫. તેના આધારે માનવતાને નામે સર્વ પ્રકારનો કબજો અને અધિકાર ધરાવવા સાથે ઠામ ઠામ સેવા ઉઠાવવામાં આવે છે, પરંતુ તેના ગર્ભમાં અસાધારણ સ્વાર્થો ભરેલા છે. તેથી માનવતાને નામે અમાનવતા ચલાવાઈ રહેલ છે. બીજા ધર્મોના ધર્મગુરુઓ એવું કાંઈ કરતા નથી, એટલે કે અમાનવતાને ટેકો આપતા નથી, અમાનવતા કરતા નથી. છતાં તેઓ તેઓનું અનુકરણ કરી સેવાઓ ઉઠાવે છે, અને પોતપોતાના ધર્મના પ્રચાર માટે ધસમસે છે. પરંતુ તેમ કરીને તેઓ પણ અમાનવતામાં સહકાર આપે છે. આ ગહન રહસ્ય છે.

૩૬. ૧૪૯૨થી આધુનિક વિશ્વની શરૂઆત થતી હોવાના કેટલાંય પ્રમાણો ઉપલબ્ધ છે. જેનું કેન્દ્ર વૅટિકન સીટી અને પોપની સંસ્થા છે, જેને પાશ્ચાત્ય પ્રજાના તમામ રાષ્ટ્રો - રશિયા, અમેરિકા, ઇંગ્લૅંડ વગેરે અનુસરે છે.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# નકલી ગ્રામસભાના આયોજન દ્વારા કોર્પોરેટ સેક્ટરને અપાતી જમીનો

ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિમાં મળેલા અધિકારોને બચાવવા માટે હજારોની સંખ્યામાં આદિવાસીઓએ પ્રથમ વખત બૈલાડિલા વિસ્તાર, જિલ્લા દંતેવાડા, બસ્તર સંભાગ, છત્તીસગઢમાં વિશાળ રેલી કાઢી. પોતાની પારંપરિક વેશભૂષાથી સજ્જ ૨૫,૦૦૦ ગ્રામીણ કિરન્દુલના ફૂટબોલ મેદાનમાં ભેગા થયા.

આદિવાસી સંગઠન 'સર્વ આદિવાસી સમાજ'ના અધ્યક્ષ સુરેશ કર્માએ જણાવ્યું કે, આ રેલીમાં લોકો પોતાની મરજીથી પહોંચ્યા છે અને રેલીને શરૂથી લઈને અંત સુધી તમામ આદિવાસી સમાજનો સહયોગ મળ્યો છે. આજે લોકો પોતાના અધિકાર સમજી રહ્યા છે અને સરકાર દ્વારા નકલી ગ્રામસભાનું આયોજન કરીને આદિવાસીઓની જમીન લીઝ પર આપવામાં આવી રહી છે તેનો પૂરજોશ વિરોધ આ રેલીમાં કરી રહ્યા છીએ.

ઉલ્લેખનીય રેલીમાં પંચાયત ઉપબંધ વિસ્તાર કાયદા ૧૯૯૬ (પીઈએસએ ૧૯૯૬), વનાધિકાર કાયદો ૨૦૦૬ (એફઆરએ ૨૦૦૬) હેઠળ જિલ્લાની વિવિધ પંચાયતો દ્વારા વિશાળ ગ્રામસભા સંમેલન કરવા ઉપરાંત સાંસ્કૃતિક, બંધારણીય, અધિકાર સશક્તિકરણ આંદોલનના માધ્યમથી ચાર સૂત્રી માંગો અંગે જ્ઞાપન સોંપવામાં આવ્યું. જ્ઞાપનમાં બતાવવામાં આવ્યું છે કે એનએમડીસી દ્વારા ડિપોઝિટ ૧૩ નંબર ખાણને નકલી ગ્રામસભાનું આયોજન કરીને લીઝમાં આપી, હાલમાં માઈનિંગ કરવા માટે અદાણી કંપનીને આપવામાં આવી છે.

તે જ રીતે ગ્રામ પંચાયત ગુમિયાપલના આશ્રિત ગ્રામ ચલાવનારમાં આરતી કંપની, રાયપુરને નકલી ગ્રામસભા કરી લીઝ આપવામાં આવી છે. તે ઉપરાંત કેશાપુર પન્ડેવાર વિસ્તારમાં જીંદલ સ્ટીલ દ્વારા નકલી ગ્રામસભા યોજી લીઝ મેળવવામાં આવી છે. નકલી ગ્રામસભાનું આયોજન કરીને લીઝ ફાળવણી વિશે પંચાયતોના લોકોને જ્યારે જાણ થઈ કે, તેમનાં પાણી, જંગલ, જમીનને સરકારે કોઈ કંપનીને આપી દીધાં છે ત્યારે તેમણે ૨૩ જાન્યુઆરી ૨૦૧૯એ ફરીથી વિશેષ ગ્રામસભાનું આયોજન કરીને રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના નામે જ્ઞાપન સોંપ્યું હતું. જો કે, ત્યાર પછી પણ સરકારે અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરી નથી. વનાધિકાર કાયદાના ઉલ્લંઘન ઉપરાંત ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ના આદેશમાં સુપ્રીમ કોર્ટના આદેશની વિરુદ્ધ આદિવાસી હુંકાર રેલીનું આયોજન કરીને રસ્તાઓ પર ઊતરી આવ્યા. આ જ રીતે થોડાક દિવસો પહેલાં જ અનુસૂચિત ક્ષેત્રોની ગ્રામસભાને નગરીય વિસ્તારના નગરપાલિકામાં સંમિલિત કરવા અંગે ગ્રામીણો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ બધા ઉપરાંત ૧૧ નવેમ્બર, ૨૦૧૮એ લોહ ખાણ નવીનીકરણ માટે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે જિલ્લા પ્રશાસન અને એનએમડીસીના અધિકારીઓ દ્વારા રચવામાં આવેલ સમજી-વિચારેલી રણનીતિનો ભાગ હતી.

આ પદયાત્રામાં નગારાની સાથે હજારોની ભીડમાં પૂરા ૧૫ કિલોમીટર સુધી નારા લગાવતા રહ્યા. હજારોની સંખ્યામાં હાજર જનસભાને રાજ્યસ્તરથી આવેલા વક્તાઓએ સંબોધિત કરી જેમાં મનીષ કુંજાન, સોહન પોટાઈ, છત્તીસગઢ ક્રાંતિ સેનાના અધ્યક્ષ, છત્તીસગઢ બચાવો આંદોલનના સચિવ તેમજ બસ્તરિયા સમાજ અને રાજકીય સર્વ આદિવાસી સમાજના પદાધિકારીઓ સામેલ હતા.

બંધારણની પાંચમી અનુસૂચિ તેમજ વનાધિકાર કાયદાના જાણકાર વક્તાઓએ જનસભાને સંબોધિત કરતા જણાવ્યું કે, જ્યારે ગ્રામસભા દ્વારા નિયમગીરીના પર્વત પર ખાણના વિરોધમાં પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યા તો સુપ્રીમ કોર્ટે વેદાંતાની ખાણ ચાલુ કરવાની અરજી નકારી કાઢી હતી. અને ખાનગી કંપનીની ઇચ્છા પર કોંધ આદિવાસીઓ દ્વારા વિરામ લગાવી દેવામાં આવ્યો. તેવું જ બેલાડિલાના પર્વત પર ફરસપાલથી લઈને ૧૩ નંબર પર્વત સુધી ગ્રામોના દેવી-દેવતા તેમજ છન્દ હાજર છે, આવામાં એનએમડીસીની આ યોજનાને બંધ કરી દેવી જોઈએ. કારણ કે, આ પર્વત તેમજ જંગલ આદિવાસીઓની આસ્થા તેમજ પરંપરાઓથી જોડાયેલાં છે.

વક્તાઓએ જણાવ્યું કે, આદિવાસી સમાજ સામાજિક સંબંધોની જાળ છે અને ગ્રામસભાના પ્રસ્તાવ વિના અનુસૂચિત ક્ષેત્રમાં શાસન પ્રશાસન અને સરકાર એક ઇંચ પણ જમીન અડી શકતી નથી. આ સુપ્રીમ કોર્ટના નિર્ણય સમતા જજમેન્ટમાં પણ કહેવામાં આવ્યું છે.

આ દરમિયાન એનએમડીસી અને સીએમડીસી જોઈન્ટ વેન્ચરના સીઈઓએ એક ઇન્ટરવ્યુમાં આરોપ લગાવ્યો છે કે તેમને ૨૦૧૪માં ગ્રામસભાનો પ્રસ્તાવ મળ્યો છે, જ્યારે ત્યાંની સરપંચ બુધારી કુંજામ અને ગ્રામીણોએ આ ગ્રામસભાને નકલી બતાવતા વિરોધ પ્રસ્તાવ પાસ કર્યો. ગ્રામીણો મુજબ શાસન દ્વારા જે ગ્રામસભાનો પ્રસ્તાવ બતાવવામાં આવી રહ્યો છે તેમાં કોલમ પણ પૂરા નથી. ગામની સંખ્યા ૭૦૦થી વધુ છે. જ્યારે ગ્રામસભા વિશે પંચાયતના કોઈપણ ગ્રામીણ અને જન પ્રતિનિધિઓ સુદ્ધાંને જાણ નથી.

સૂચનાના અધિકાર કાયદાથી મેળવવામાં આવેલી ગ્રામસભાની નોંધણીનું અવલોકન લગાવવાનું લાગી રહ્યું છે, જે કારણે ૪ જુલાઈ ૨૦૧૪ની ગ્રામસભા શંકાસ્પદ દેખાઈ રહી છે. ત્યાં આરતી સ્પંજ, રાયપુરની કંપનીને પણ માત્ર ૯ લોકોના હસ્તાક્ષર પર પ્રસ્તાવ પસાર દર્શાવવામાં આવ્યો છે, જે શંકાસ્પદ છે. આ રીતે એવું લાગી રહ્યું છે કે સરકાર આદિવાસીઓની જમીનો બંધારણનું ઉલ્લંઘન

કરીને ઉદ્યોગપતિને આપી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો સતત આદિવાસીઓ માટે બનાવવામાં આવેલા કાયદાનું સંશોધન કરીને સમાપ્ત કરવાનું ષડ્યંત્ર ચલાવી રહી છે. પરંતુ આદિવાસી કોઈપણ કિંમતે દંતેવાડામાં બૈલાડિલા લોખંડ ખાણોને આપશે નહીં. સંપૂર્ણ પર્વતનાં પાણી, જંગલ જમીનથી આદિવાસીઓનું જીવન ચાલે છે.

રેલીમાં સામેલ યુવા ગ્રામીણે જણાવ્યું કે આ રેલીનો સંકેત હતો કે બંધારણમાં આદિવાસીઓના અધિકારોનું કડકાઈથી પાલન થાય. આ જ વિષય અંગે સ્વેચ્છાએ આ રેલીમાં હજારોની સંખ્યામાં લોકો આવ્યા.

ત્યાં સર્વ આદિવાસી સમાજના મહાસચિવે જણાવ્યું કે, સંપૂર્ણ બસ્તર બંધારણની પાંચમી અનુસૂચિવાળો વિસ્તાર છે જ્યાં પંચાયત રાજ્યના કાયદા ૧૯૯૬ લાગુ છે અને વિશેષ ગ્રામસભાની માન્યતા છે. જેમાં સંપૂર્ણ ગ્રામસભામાં સામેલ થઈને નિર્ણય લેવાનો અધિકાર છે. જે ભારતીય બંધારણની કલમ ૧૩(૩)માં સ્પષ્ટ છે કે પરંપરાગત વિધિના બળે અનુસૂચિત ક્ષેત્રોમાં અધિકાર મળ્યો છે અને પરંપરાગત રીતે પોતાના જ ગામમાં ગ્રામસભા કરવાનો અધિકાર છે. પરંતુ શાસન, પ્રશાસન પાંચમી અનુસૂચિ અને પૈસા દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરતાં રહે છે. તેઓ ગામમાં ગ્રામસભા ના કરીને નગરીય વિસ્તારોમાં ગામના નામે નકલી ગ્રામસભા કરાવે છે, ખાનગી કંપનીઓ કેન્દ્રની સરકાર અને પૂર્વમાં રહેલી ભાજપની છત્તીસગઢ સરકાર, અમારાં અનુસૂચિત ક્ષેત્રોમાં માઇનિંગ કરવા માટે અદાણી અને આરતી સ્પંજ, રાયપુરને હિરોલી અને આલાનારની જમીન લીઝમાં આપી રહી છે. આજે અમે પૂરજોશ વિરોધની સાથે આ રેલીના માધ્યમથી રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના નામે જ્ઞાપન આપી રહ્યા છીએ. અને તેમાં કાર્યવાહી નહીં થાય તો અમે અદાલતમાં જવા માટે પણ તૈયાર છીએ.

**સાભાર : 'ગુજરાત ટુડે'**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧૬-૪-૧૯)**

---

### આલ્વા અને આલ્બર્ટાએ કરેલો કેસ અમેરિકાની જગમશહૂર કંપનીને ભારે પડ્યો

# કેન્સરકારક દ્રવ્ય હોવાની માહિતી છૂપાવવા બદલ મોન્સાન્ટોને રૂ.૧૪૫ અબજનો દંડ

### અત્યાર સુધીનો સૌથી મોટો દંડ : મોન્સાન્ટોએ બનાવેલી નિંદામણની દવાથી લાંબે ગાળે કેન્સર થાય છે : ખેડૂતોને હાનિકારક દવા પધરાવા માટે કંપની બદનામ છે

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યની કોર્ટે આજે જગવિખ્યાત એગ્રોકેમિકલ કંપની મોન્સાન્ટોને ૨.૦૫૫ અબજ ડોલર (અંદાજે ૧૪૫ અબજ રૂપિયા)નો દંડ ફટકાર્યો હતો. કંપનીએ એક ગ્લીફોસેટ નામનું રસાયણ વિકસાવ્યું છે. આ રસાયણનું કામ નિંદામણનો નાશ કરવાનું છે. કંપની આ રસાયણ રાઉન્ડઅપ બ્રાન્ડ નેમથી માર્કેટમાં વેચે છે. પરંતુ ગ્લીફોસેટમાં કેન્સર સર્જે એવા હાનિકારક દ્રવ્યો હોવાની માહિતી કંપનીએ છૂપાવી હતી.

આ માહિતી ગુપ્ત રાખવા બદલ કંપનીને અમેરિકામાં સૌથી મોટો દંડ થયો છે. અગાઉ પણ આ વર્ષે અને ૨૦૧૮માં મોન્સાન્ટોને આવા દંડ થઈ ચૂક્યા છે. મૂળભૂત રીતે માહિતી છૂપાવીને ખેડૂતોને દવા પધરાવી દેવા માટે આ કંપની બદનામ થયેલી છે.

કેલિફોર્નિયામાં રહેતા વૃદ્ધ યુગલ આલ્વા અને આલ્બર્ટા પિલિઅડે કંપની વિરુદ્ધ આ કેસ દાખલ કર્યો હતો. તેઓ એક દાયકાથી આ નિંદામણનાશક દવા વાપરતા હતા. અંતે તેના સંપર્કથી જ તેમને કેન્સર થતું હોવાનું જણાયું હતું. કંપનીને આ અંગે જાણ કરવામાં આવી હતી. પરંતુ કંપનીએ કેન્સરની વાત દબાવી દેવાની કોશિષ કરી હતી. એટલું જ નહીં વૈજ્ઞાનિક સંશોધનો ખોટા જાહેર કરવા માટે અબજો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. પરંતુ કેન્સરકારક તત્ત્વો હટાવવા પ્રયાસ કર્યો ન હતો. આ દંપત્તિના શરીરમાં દવાના સંપર્કમાં આવ્યા પછી લોહીનું કેન્સર જોવા મળ્યું હતું.

પિલિઅડ દંપતીએ કરેલા કેસમાં એવી વિગત હતી કે આ દવામાં કેન્સરકર (કાર્સિનોજન્સ) પદાર્થો હોવાની જાણ છતાં કંપનીએ તેની માહિતી વપરાશકારોને આપી ન હતી. કેસ દાખલ થયા પછી સાત સપ્તાહ સુધી ચાલ્યો હતો અને અંતે કોર્ટે કંપનીને દોષિત ઠેરવી હતી. આ ગરબડ બદલ આ અગાઉ પણ કંપનીને અનુક્રમે ૨૮.૯૨ કરોડ અને ૮ કરોડ ડૉલરનો દંડ થઈ ચૂક્યો છે. કંપની વિરુદ્ધ અમેરિકાની વિવિધ કોર્ટમાં કુલ મળીને ૧૩,૪૦૦ કેસ પેન્ડિંગ છે. અમેરિકામાં જાહેર આરોગ્ય અંગેના કાયદા ઘણા કડક છે. માટે આવી જગવિખ્યાત કંપનીઓને તોતીંગ દંડ કરતા ત્યાંની સરકાર અચકાતી નથી. આ કેસમાં પણ કોર્ટે નોંધ્યું હતું કે કંપની પોતાની ભૂલ માટે બેદરકાર છે, જાણી જોઈને ગરબડ કરે છે. માટે તેને અતીભારે દંડ થવો જોઈએ. એ પછી કંપનીએ દંપત્તિ માટે ૨.૦૫૫ અબજ ડૉલરના દંડની રકમ નક્કી કરી હતી. કંપનીએ દંપત્તીને આ દંડ ચૂકવવો પડશે.

**(સાભાર : ગુજરાત સમાચાર, તા.૧૫ મે, ૨૦૧૯)**

# દુકાળનો ડંખ

૨૦૧૯ના વર્ષમાં ચૂંટણી આવી એટલે દેશમાં માહોલ જરા ગરમાયેલો રહેશે. જેમ રાજકીય રીતે ૨૦૧૯નું મહત્ત્વનું બની રહેશે તે રીતે સામાજિક અને આર્થિક રીતે મહત્ત્વની એવી ખેતી માટે ૨૦૧૯નું વર્ષ ચિંતાઓ લઈને આવ્યું છે. ખેતીમાં મુખ્યત્વે પાણીનું સંકટ પડકારરૂપ છે. આમ પણ આપણાં રાજકીય અને ખાસ કરીને ચૂંટણીલક્ષી ચર્ચા-વિમર્શમાં પાયાના મુદ્દાઓ બાજુ પર રહી જતા હોય છે. ત્યારે દેશમાં આજે વ્યાપક રીતે પાણીની અછત અને દુકાળની પરિસ્થિતિનો ચિતાર મેળવવાનો પ્રયાસ કરીએ.

**આંધ્રપ્રદેશનો અનંતપુર વિસ્તાર :** આ પ્રદેશ રાયલસીમાના નામે પણ ઓળખાય છે, જે લગભગ છેલ્લાં ૧૦૦ વર્ષોથી પાણીની અછતનો સામનો કરી રહ્યો છે. આ વર્ષે ચોમાસામાં લગભગ બે-ત્રણ મહિનાઓ સુધી જ કેટલાંક જ જળાશયોમાં અલ્પમાત્રામાં પાણી રહ્યું. ઘણાં જળાશયો મૃતઃપ્રાય બન્યાં છે. આ સામાન્ય રીતે મગફળીના ઉત્પાદન માટે જાણીતો વિસ્તાર છે અને મગફળીના ઉત્પાદનમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. વળી રવી પાકની ઋતુ દરમિયાન કમોસમી વરસાદ વરસતાં ચણાનો પાક સાવ નિષ્ફળ ગયો. ખેતીની આ પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક સંગઠનોના આંકડા મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં દર મહિને સરેરાશ પાંચથી છ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. સતત પાણીની અછતને પરિણામે વિસ્તારમાં વૃક્ષોના આવરણ અને જંગલ વિસ્તારમાં ઘટાડો થયો છે. કુલ વિસ્તારની ૭ ટકા જેટલી જમીનને સિંચાઈનો લાભ મુશ્કેલીથી મળે છે.

**કર્ણાટક :** ઉત્તર કર્ણાટકના કાલબુર્ગી જિલ્લાના ખેડૂત ટોલાલિંગા કહે છે કે, 'જે ખેતરમાં દર વર્ષે ૩ ક્વિન્ટલ જુવાર પાકતી હતી ત્યાં આ વર્ષે ૧૦ કિલોનું ઉત્પાદન મુશ્કેલીથી થયું.' આ ચિત્ર લગભગ સમગ્ર કર્ણાટકનું છે, ફક્ત કથા જુદી જુદી છે.

૨૦૧૮ના વર્ષમાં અહીં વરસાદનું પ્રમાણ સરેરાશ કરતાં ઓછું હતું. વળી કમોસમી વરસાદે ખેતીમાં નુકસાન જ કર્યું. જે જળસ્રોતોમાં સામાન્ય રીતે ૧૦ થી ૧૨ ફૂટ પાણી રહેતાં તે આજે સુકાયેલાં પડ્યાં છે. ઉનાળો શરૂ થાય તે પહેલાં શિયાળામાં જ પાણીની અછતની શરૂઆત થઈ ગઈ. ઉત્તર-પૂર્વ કર્ણાટકનાં મહત્ત્વનાં ૮૦ ટકા નાનાં જળાશયો ડિસેમ્બર મહિનામાં જ સુકાઈ ગયાં હતાં. મનરેગા માટેની કામની અરજીઓમાં ૪૦ ટકા જેટલો વધારો થયો છે. રાજ્ય સરકારે દેવાં માફીની વાત કરી અને કેટલાક ખેડૂતોનાં દેવાં માફ થતાં આત્મહત્યાનું પ્રમાણ ઘટ્યું છે ખરું પણ જળસંકટનો ખતરો ટળ્યો નથી.

ગુજરાતમાં પણ પરિસ્થિતિ વિશેષ સારી નથી. સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા વિસ્તારો અછતગ્રસ્ત જાહેર થયેલા છે. સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વધુ હોય છે અને જળાશયો પાણીથી ભરેલાં હોય છે ત્યાં પણ પાણીની અછતનાં એંધાણ મળી રહ્યાં છે. ડેમનાં જળાશયોનાં પાણીમાં અનેકગણો ઘટાડો થયો છે.

ભારતની લગભગ ૫૦ ટકા જેટલી વસ્તી દુકાળની ઝપેટમાં છે. તેમાં ૧૬ ટકા વસ્તી ભીષણ દુકાળ અનુભવી રહી છે. આઈઆઈટી ગાંધીનગરના એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે આવનારા ઉનાળાના દિવસોમાં ભારતમાં મોટાભાગના વિસ્તારોમાં લોકોને પીવાના પાણીની અછતનો સામનો કરવો પડશે. ભારતીય હવામાન વિભાગના વરસાદ અને જમીનમાં રહેલા ભેજના વિસ્તૃત આંકડાઓ એકત્ર કરીને આ અભ્યાસ કરવામાં આવ્યો છે.

એક એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે વરસાદ લંબાશે અથવા વરસાદ પહેલાં ગરમીનું પ્રમાણ વધશે ત્યારે પાણીની સમસ્યા વધુ વિકટ બનશે. ખાસ કરીને અરુણાચલ પ્રદેશ, ગુજરાત, ઝારખંડ, તામિલનાડુ, દક્ષિણ આંધ્રપ્રદેશમાં અત્યારથી જ પાણીની અછત છે. એકતરફ વરસાદના પાણીનો યોગ્ય સંગ્રહ કરી શકતા નથી, સાથે ભૂમિગત જળનો ઉપયોગ તો વધ્યો છે. તેના પર વધતા દબાણ સામે તેનો જથ્થો વધારી શકતા નથી. ૨૦૧૯નું ચોમાસું સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની વિગતો પરથી જાણવા મળે છે કે દુષ્કાળ વધુ ને વધુ નિયમિત બની રહ્યા છે. વરસાદની ઘટ એ દુષ્કાળની ગંભીરતામાં વધારો કરે છે. વળી દેશના અછતગ્રસ્ત વિસ્તારના પ્રમાણમાં વધારો થયો છે. કેન્દ્ર સરકારના આંકડાઓ દર્શાવે છે કે દર ત્રીજો જિલ્લો અસરગ્રસ્ત છે. ૧૦૨ જિલ્લાઓ ઘણા લાંબા સમયથી અછતગ્રસ્ત જાહેર થયેલા છે. જ્યાં લગભગ દર ત્રણ વર્ષે દુષ્કાળની સ્થિતિ હોય છે. સામાન્ય વરસાદ દુષ્કાળથી બચવાની ખાતરી આપતો નથી તેવું છેલ્લાં થોડાં વર્ષોના અભ્યાસ દ્વારા સાબિત થયું છે. જેમ કે છેલ્લા દસકામાં પાણીની અછતમાં વધારો થયો છે.

પીવાના પાણી અને સિંચાઈને ધ્યાનમાં રાખીને અછતગ્રસ્ત વિસ્તારો અંગે વિચારવું જરૂરી છે તે સાથે અન્ન સ્વાવલંબનને ધ્યાનમાં રાખીને પણ અછતગ્રસ્ત વિસ્તારો પર ધ્યાન આપવું જરૂરી છે. આમ તો અછતગ્રસ્ત કે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને પડકારરૂપ ગણીને રાહતના નામે કરોડો રૂપિયાના ખોટા કરારો કરવામાં આવે છે. (ખોટા એટલા માટે પણ કે તે સહાય ખરેખર ખેડૂતો સુધી પહોંચે છે કે નહીં તે સવાલ છે.) વળી પછીનાં જ વર્ષોમાં પાણીની અછત ફરી ઊભી થાય તો એક રીતે તો આ રૂપિયાનો બગાડ જ કહેવાય ને ! ? ખરેખર તો આ વિસ્તારોમાં આયોજનપૂર્વક એ રીતે કામ કરવું જોઈએ કે જેથી આ જિલ્લાઓ અથવા વિસ્તારોને કાયમ માટે દુષ્કાળમુક્ત બનાવી શકાય. તેમજ આ જમીનોને ખેત ઉત્પાદનનાં મહત્ત્વનાં કામોમાં જોડી અન્ન સ્વાવલંબન વિકસાવી શકાય.

*(અનુસંધાન પાના નં.૮ પર)*

# દૂધ

**❑ દરદ લાગુ જ ન પડે તે માટે રૂપિયા ખર્ચાય તો ?**

આ બધું વિચારતાં દરદ લાગુ પડ્યા પછી જ લોકોની દવા કરવા દોડવું તેના કરતાં રોગ લાગુ જ ન પડે તેવાં પગલાં લેવાનું વધુ શાણપણભર્યું, વધુ માનવતાવાદી હોય એમ નથી લાગતું ? વધી રહેલા પ્રદૂષણના જમાનામાં પણ ટીબીનો ભોગ બનતાં લોકોમાંથી સોમાંથી ઓછામાં ઓછા પચાસ દરદીઓને તો બચાવી શકાય અને ધીમે ધીમે એ સંખ્યામાં વધારો કરી શકાય. આ વાત સાવ અશક્ય તો નથી જ.

આપણે તમામ દરદીઓની નહિ, પણ માત્ર હૉસ્પિટલોનાં ૩૯ હજાર બિછાનાંની જ ગણતરી કરીએ તો તે બિછાનાં પાછળના ૧૮ કરોડ રૂપિયાના ખર્ચ પછી કેટલા માણસો સંપૂર્ણ રોગમુક્ત થતા હશે તે કહેવું મુશ્કેલ છે. એ કરવામાં આવેલા ખર્ચનો મોટો ભાગ પરદેશ ખેંચાઈ જાય છે અથવા અહીંની માતબર ફાર્મસીઓને લાભ થાય છે.

પણ લોકોને અપોષણના ભોગ બનતાં બચાવી શકાય અને તેમનાં શરીરમાં રોગો સામે બચાવ કરવાની શક્તિ પેદા કરી શકાય તો મને ખાતરી છે કે દરદીઓની સંખ્યામાં સારો એવો ઘટાડો થઈ શકે અને રોગો સામેના બચાવના અને અપોષણ દૂર કરવાના ઉપાયોમાં જે ખર્ચ થાય તેથી રાષ્ટ્રની સમૃદ્ધિ અને સંપત્તિમાં પણ વધારો થાય.

દા.ત. ૧૮ કરોડ રૂપિયા લોકોને દરદનો ભોગ બન્યા પછી તેની સારવાર પાછળ ખર્ચીએ તેને બદલે તેમને અપોષણથી બચાવવા માટે દવાને બદલે દૂધ આપવા પાછળ ખર્ચીએ તો ૧૮ કરોડ રૂપિયામાં આપણે ૧,૧૨,૬૪૮ ગાયોને પાળી શકીએ અને તેમની પાસેથી વરસે ૧,૮૫,૮૬,૭૦૦ લિટર દૂધ મેળવી શકીએ, જેની આજની બજારભાવની કિંમતના હિસાબે ૩૭ કરોડ રૂપિયાની કિંમત થાય.

આ દૂધ ઓછામાં ઓછા અઢી લાખ માણસોને આપી શકાય અને આ ગાયો પાસેથી વરસે દહાડે ચાર કરોડ રૂપિયાનાં ખાતર અથવા બળતણરૂપી છાણ મૂતર મળે, જેના વડે એક લાખ એકર જમીનમાં ૩૦ હજાર ટન પોષણયુક્ત અને જંતુઘ્ન દવાઓનાં ઝેરથી મુક્ત અનાજ ઉગાડી શકાય, જે બે લાખ મનુષ્યોને એક વરસ ચાલે.

આમ, ૧૮ કરોડ રૂપિયામાં અઢી લાખ મનુષ્યોને પોષણ માટે દૂધ અને બે લાખ મનુષ્યોને પોષણયુક્ત, ઝેરમુક્ત અનાજ આપીએ તો દરદનું પ્રમાણ ખૂબ ઘટી જાય અને પરદેશી ફાર્મસીઓની પકડમાંથી મુક્ત થવાય તે વધારાના લાભમાં.

**❑ વધુ દૂધ ઉત્પન્ન કરો**

પોષણને નામે દૂધનો પાઉડર આયાત કરી તેની સાથે ત્યાંનાં કૅન્સર, અલ્સર જેવાં દરદો પણ આયાત કરવાં અને કરોડોનું હૂંડિયામણ વેડફવું, એમાં કેટલું શાણપણ હશે એ પ્રજાના સમજુ લોકોએ વિચારવાનું ખૂબ જરૂરનું છે. પોષણ માટે દૂધ જ ખૂબ જરૂરનું છે એ તો યુગોથી સાબિત થઈ ચૂકેલી અને આજના વિજ્ઞાને પણ માન્ય કરેલી હકીકત છે, તો પછી એ દૂધ આપણે ત્યાં જ શા માટે ઉત્પન્ન ન કરવું ?

જેમ જેમ દૂધ ઉત્પન્ન કરવાનાં પગલાં લેતાં જઈશું તેમ તેમ તેની સાથે ઝેરમુક્ત પોષક અનાજ પણ પેદા થતું જશે. એટલે આપણાં ખેતરોની જમીન જે ઝેરોથી ખદબદી ઊઠી છે તે એ ઝેરથી મુક્ત થતાં જમીન ઉપરનું અને એ ઝેર જમીનની નીચેનાં પાણીમાં પહોંચતાં હોવાથી કૂવાઓનાં પાણીનું પ્રદૂષણ ઓછું - ગણનાપાત્ર રીતે ઓછું થશે. લોકોનો બળતણનો ખર્ચ, દવાઓનો ખર્ચ ઓછો થશે, કામ કરવાની શક્તિ અને સ્ફૂર્તિ વધશે એટલે તેમની બચત કરવાની શક્તિ વધશે.

આ રીતે ગામડાંમાં ટીબી અને બીજા રોગો સામે સફળ પ્રતિકાર થઈ શકે તેમ છે. માત્ર એના ઉકેલનો દૃષ્ટિકોણ બદલવાની અને દાનનો પ્રવાહ બદલવાની જરૂર છે.

**❑ શહેરમાં દૂધનાં સદાવ્રતો ખોલો**

મોટાં શહેરોમાં ઉદ્યોગો અને વાહનવહેવારથી વાતાવરણમાં ફેંકાતાં ઝેરને કારણે આ પ્રશ્ન વિકટ હશે ખરો, પણ અશક્ય તો નથી જ. અગાઉ જેમ ધર્માદા અન્નક્ષેત્રો, સદાવ્રતો વગેરેનાં ટ્રસ્ટ હતાં, તેમ શહેરોમાં ધર્માદા દૂધ સહાય ટ્રસ્ટો દ્વારા મફત કે ઓછા ભાવની દૂધની વહેંચણીની વ્યવસ્થા મુશ્કેલ તો નથી જ.

ફક્ત ખાસ સાવચેતી એટલી રાખવી જરૂરી છે કે એ દૂધ દેશી કે પરદેશી ડેરીના પાઉડરનું ન હોવું જોઈએ. સ્થાનિક પશુપાલકો સાથે એ દૂધ મેળવવાની સમજૂતી કરી લેવી જોઈએ.

નાનાં શહેરોમાં અને ગામડાંમાં આ જ રીતે ધર્માદા ગૌશાળા ટ્રસ્ટો બનાવવા કાળજી લેવી જોઈએ. પછી એ ટ્રસ્ટ નાનું હોય કે મોટું તેનો વાંધો નહિ. બે ગાયથી ૨૦૦ ગાયો પણ ટ્રસ્ટમાં હોઈ શકે. જેમ ટ્રસ્ટો દ્વારા મફત દવા, ઑપરેશનનો ખર્ચ, સ્કૂલની ફી, નોટ બુક્સ, ચોપડીઓ વગેરે અપાય છે તેમ મફત દૂધ અથવા ગાયોને મફત ખોરાક આપી શકાય.

**❑ ખોટા માર્ગેથી પાછા વળો**

ધર્માદા ગૌશાળા કે ધર્માદા દૂધ સહાય ટ્રસ્ટએ હિંદુ ધર્મની ધર્માજ્ઞામાં રહેવાનું સૂચન છે. હિંદુ ધર્મ દૂધને અને ગાયને વેપારની ચીજ ગણવાની ના પાડે છે તે મફત, દાન સ્વરૂપે જ આપી શકાય.

પશ્ચિમની જાળમાં ફસાઈને આપણે ગાય કે દૂધને બજારુ ચીજ બનાવતાં અને તેનો વેપાર શરૂ કરતાં ગાયો કતલખાને પહોંચવા લાગી અને દૂધ અદૃશ્ય થયું અને **'વિવેકભ્રષ્ટાનામ**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

**ભવતિ વિનિપાતઃ શતમુખઃ'** એ સૂત્ર પ્રમાણે આપણે હવે પાણીનો વેપાર પણ શરૂ કર્યો છે. આ ખોટા માર્ગેથી જો ઝડપથી પાછા નહિ વળીએ તો હવાનો પણ વેપાર કરતા થઈ જઈશું.

ગાયો પાળીને દૂધ-ઘીનો પુરવઠો વધારીને યજ્ઞોમાં ગાયના શુદ્ધ ઘીનો હોમ દરેક ગામે કરતા થઈને વાતાવરણને પણ ઝેરમુક્ત કરી શકશું. ગોરક્ષા દ્વારા હવા, પાણી અને અનાજ દોષરહિત કરીએ તો ગામડાંને તો સંપૂર્ણ રીતે રોગમુક્ત કરી શકીએ અને ગાય અને દૂધ માટે ધર્માદા ટ્રસ્ટો દ્વારા શહેરોમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં રોગો ઉપર અંકુશ રાખી શકીએ ખરા.

દાતાઓ જો હૉસ્પિટલોને અને સ્કૂલ-કૉલેજોને જ દાન આપવાનો મોહ છોડે તો માનવતાનું, સંસ્કૃતિનું, ધર્મનું અને સૌથી વધારે તો આપણા પોતાના જ સ્વાર્થનું આ કામ મુશ્કેલ તો નથી જ. **(સમાપ્ત)**

**- સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

## દુકાળનો ડંખ (પાના નં.૬થી ચાલુ)

૧૯૫૦-૫૧માં દેશમાં વાવેતર હેઠળની જમીન ૧૧૯ મિલિયન હેક્ટર હતી. જે વધીને ૧૯૭૦-૭૧માં ૧૪૦ મિલિયન હેક્ટર થઈ. પરંતુ છેલ્લા ૪૦ વર્ષોમાં તે ૧૪૦થી ૧૪૨ મિલિયન હેક્ટર વચ્ચે જ રહી છે. સામે આપણી વસ્તી ૧૯૫૦ની તુલનાએ ત્રણ ગણી વધી છે. આગળ જોયું તેમ દેશના લગભગ ૫૦ ટકા વિસ્તારમાં ત્રણથી છ મહિના દુષ્કાળની સ્થિતિ રહે છે. એટલે પાણીની ઉપલબ્ધતા સામે તો સવાલ ઊભા થાય જ છે. તેમજ પશુધન, ચારો અને ખેત ઉત્પાદનમાં તે નકારાત્મક અસર કરે છે. માત્ર વરસાદ આધારિત ખેતી કરતા વિસ્તારોમાં ૨૦ થી ૪૦ ટકા જેટલો ઘટાડો ત્યાંના ખેત ઉત્પાદનમાં નોંધાયો છે. કેટલાંક રાજ્યોમાં આ કારણે લોકો ગરીબી રેખા નીચે જીવવા મજબૂર બન્યા છે.

આ વર્ષે લોકસભાની ચૂંટણી આવી છે ત્યારે ધર્મ અને રાષ્ટ્રવાદના રાજકીય દાવપેચમાં ફસાયા વિના પ્રાકૃતિક સંસાધનો પર અધિકારો, રોજગારી જેવા પાયાના મુદ્દાઓ ઉઠાવવા, એ આપણી સૌની ફરજ છે. પાણીની સમસ્યા અત્યારે જ ઘણી ગંભીર છે. પરંતુ આપણી આસપાસ તેમજ રાજકીય વર્તુળમાં આ અંગેની ચિંતા કે નિસબત ક્યાંય જોવા મળતી નથી ત્યારે પાયાના પ્રશ્નોને કેન્દ્રમાં લાવી નીતિ નિર્ધારકોને આ અંગે વ્યુહરચના બનાવવા બાધ્ય કરવા, ઘોષણાપત્રોમાં આ અંગેની યોજનાઓ દાખલ કરવા દબાણ લાવી શકાય. તે પછી તેના અમલીકરણ માટે પણ સતત પ્રયત્નો કરવા રહ્યા. (Down to Earth ના લેખોમાંથી સંક્ષિપ્ત સાર).

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૦૧-૪-૧૯)**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**